## તંત્રી સ્થાનેથી......

વડોદરા જિલ્લામાં અત્યારે ઔધોગિક કટોકટીઓ માટે પરસ્પર સહાય દ્વારા જરૂરી સંસાધનોની સંકલન અને સુવિધા આપવાના મુખ્ય હેતુ સાથે ઓફસાઈટ ઈન્ડસ્ટ્રીયલ ઈમરજન્સી કંટ્રોલ રૂમ ગ્રાઉન્ડ ફલોર, મટીરીયલ ભવન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, વડોદરા ખાતે એપ્રિલ ૧૯૯૪ થી કાર્યરતછે. OIECR માં હાલમાં ૧૨ સભ્યો કાર્યરત છે. જે લગભગ ૨૯ વર્ષથી નંદેસરી જી આઈ ડી સી અને પી સી સી એરિયાને ઔદ્યોગિક ઈમરજન્સીમાં સેવા આપે છે. કંટ્રોલ રૂમ ગવર્નિંગ કાઉન્સિલની રચના મુજબ કાર્ય કરે છે જેનું નેતૃત્વ જિલ્લા કલેકટર શ્રી અતુલ ગોર દ્વારા કરવામાં આવે છે. OIECR ના ચેરમેન તેમજ જિલ્લા કલેકટર શ્રી અતુલ ગોરની સલાહ સૂચન મુજબ ઔદ્યોગિક કટોકટી ઘટાડવા અર્થે તેમજ અન્ય સુવિધાઓ વધારવાના ભાગરૂપે " ઈમરજન્સી રિસ્પોન્સ સર્વિસ" નું ૧ લી મે ના રોજ DISH ના જોઈન્ટ ડાયરેકટર શ્રી એસ. સી. બામણીયા દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. OIECR ઔદ્યોગિક કટોકટી જેવી કે, ફાયર, એકસ્પોઝન, ગેસ લીક, ટેક્રરમાંથી ગેસ કે કેમિકલનું લીકેજ જેવી ગંભીર પરિસ્થિતિને તાત્કાલિકપણે કાબુમાં લાવવા માટે ૨૪ કલાક કાર્યરત રહીને પેટ્રોકેમિકલ કોમ્પ્લેકસ તેમજ નંદેસરી જી આઈ ડી સી વિસ્તારમાં સેવા આપશે. આ કાર્યક્રમમાં આસી. ડાય. DISH ડી. આર. પ્રજાપતિ, આર. એફ. ઓ. નિલેશ પટેલ, OIECR ના મેમ્બર સેક્રેટરી રમેશ સોલંકી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વડોદરા સંકુલ ના અધિકારી રાજીવ અગ્રવાલ, સી. વી. ઝાલા, OIECR ની મેમ્બર ઈન્ડસ્ટ્રીઝ ના અધિકારીઓ પરેશ રાંદેરીયા, ભરત લખતરીયા, એ. જે. ભંડે, મોહન નાયર ઉપસ્થિત રહ્યાહતા. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન બિપિન કલાવડીયા કે જેઓ OIECR ના ઓફિસર છે તેમના થકી કરવામાં આવ્યું હતું.

# ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાનશ્રીના સપનાને સાર્થક કરવાના રસ્તે કચ્છના યુવાને એગ્રીકલ્ચર ક્ષેત્રે સફળ સ્ટાર્ટઅપ શરૂ કર્યું

**વરઝડીના યુવાને ઉચ્ચપગારની નોકરી છોડીને રાસાયણિક ખાતરના વિકલ્પમાં વર્મી કમ્પોસ્ટ ખાતરનું પ્રોડકશન કરીને કચ્છના ખેડૂતો માટે કંડાર્યો રસ્તો**



કમલમ્ ન્યુઝ,ભુજ,

બી.ટેક રીન્યુએબલ એનર્જી અને એન્વાયરમેન્ટલ એન્જીનીયરીંગ ની ડિગ્રી મેળવ્યા બાદ નોકરી દરમિયાન વડાપ્રધાનશ્રીના ખેડૂતોની આવક બમણી કરવાના તથા સ્ટાર્ટઅપ શરૂ કરીને દેશના ગ્રોથ એન્જિનનો સહાયક બનવાના વિચારને સાંભળ્યો. આ વિચારને ખેતી સાથે જોડીને કઇ રીતે અમલમાં મૂકી શકાય તે દિશામાં સતત વિચારમંથન કરતા અંતે કચ્છના વરઝડીના યુવાને ઉચ્ચ પગારની નોકરી ત્યજીને પોતાના વતન આવીને ખેડૂતોને રાસાયણિક ખાતરથી મુક્તિ અપાવવા માટે તેના વિકલ્પમાંએવું ખાતર તૈયાર કરવાનું વિચાર્યું જે પ્રાકૃતિક ખેતી માટે જીવતદાન સમાન હોય તથા રાસાયણિક ખેતી કરતા ખેડૂતો પણ વૈકલ્પિક ખાતરના પરીણામ જોઈને તેને વાપરવા મજબૂર બને. હા, વાત કરીએ છીએ વરઝડીના ભાવેશ માવાણીની જે આજે વર્મી કમ્પોસ્ટ ખાતરનું કોર્મિશયલ ઉત્પાદન કરીને કચ્છના અન્ય ખેડૂતો સુધી ખાતરનો જથ્થો પહોંચાડી રહ્યા છે. અથાગ મહેનત, રીસર્ચ તથા સરકાર દ્વારા અપાતી તાલીમના અંતે તેમને આ સફળતા પ્રાપ્ત થઇ છે. માંડવી તાલુકાના વરઝડીમાં ૮ એકરની જમીનમાં પ્રાકૃતિક ખેતી કરતા ૩૦ વર્ષીય ભાવેશભાઇ જણાવે છે કે, અભ્યાસ કર્યા બાદ બધાની જેમ એક કંપનીમાં નોકરી શરૂ કરી પરંતુ ખેતીના ક્ષેત્રમાં કંઈક નવું કરવાની ઈચ્છા હતી તેથી અંતે નોકરી છોડીને કંઇ નવું શીખવાની તાલાવેલી જાગી. આ માટે કચ્છ આવીને સરકાર દ્વારા આત્માના માધ્યમથી આયોજિત થતા વિવિધ સેમીનાર, તાલીમ, વિવિધ ફાર્મની મુલાકાત વગેરે લેવાનું શરૂ કર્યું. રાજયપાલશ્રી દ્વારા પ્રાકૃતિક ખેતીને અપાતા પ્રોત્સાહનને જોઈને મને વિચાર આવ્યો કે, હાલ પ્રાકૃતિક કે ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતો છાણિયું ખાતર વાપરે છે. જે કોઈપણ પ્રોસેસ વગરનું હોવાથી તેમાં રહેતા બી,છોડના ડાળખા કે અન્ય વસ્તુના કારણે મુખ્ય પાકમાં નિંદામણ તથા અન્ય છોડ ઉગી નિકળવાની સમસ્યા વધી જાય છે. આ સમસ્યા ખેડૂતોને ન થાય તેમજ વધુમાં વધુ કિસાન પ્રાકૃતિક ખેતી તરફ વળે અને જે કરી રહ્યા છે તે છોડી ન દે તે માટે વર્મી કમ્પોસ્ટ ખાતર બનાવવાનો વિચાર આવ્યો. જેમાં છાણિયુ ખાતર તથા ખેતીનો વેસ્ટ બંને સામેલ હોય છે. જેને અળસિયા બે માસની પ્રક્રિયા બાદ ચાની પત્તી જેવુંબારીક ખાતર તૈયાર કરતા હોય છે. જેમાં કાર્બન કન્ટેન્ટ ૧૬ ટકા જેટલું વધારે હોવાથી જમીનની ફળદ્રુપતા વધે છે. જેટલું કાર્બન કન્ટેન્ટ વધારે તેટલી જમીનની ફળદ્રુપતા વધારે કારણ કે ખેતીનો પાયો કાર્બન છે. કાર્બન પોષકતત્વો ઝાડ સુધી પહોંચાડે છે તેથી જમીન ઉપજાઉ છે કે નહીં તેનો મુખ્ય આધાર કાર્બન છે. તેઓ ઉમેરે છે કે, રાસાયણિક ખાતર વાપરતા ખેડૂતોને સરળતાથી એવું ખાતર મળી જાય જે રાસાયણિક ખાતરનો વિકલ્પ બને તો પ્રાકૃતિક ખેતી કરવી ખેડુતો માટે વધુ આસાન બની જાય તે વિચાર પાંચ વર્ષની મહેનત બાદ આખરે મૂર્તિમંત થયો છે. છેલ્લા પાંચ વર્ષથી કચ્છના બાગાયતી ખેતી કરતા ખેડૂતો જે પહેલા દાડમ, કેરી જેવા પાકમાં રાસાયણિક ખાતર વાપરતા તે હવે વર્મીકમ્પોસ્ટ ખાતર વાપરતા થયા છે. આ ઉપરાંત પ્રાકૃતિક ખેતી કરતા કિસાનો માટે આ ખાતર વરદાનરૂપ બન્યું છે. આસાનીથી કચ્છમાં જ ઉપલબ્ધ હોવાથી તેમજ વચ્ચે કોઇ ડીલર ન હોઇ વાડી પરથી સીધું જ વેચાણ થતા સસ્તા ભાવે ખેડુતોને ખાતર મળી રહે છે. જેથી ખર્ચનો બોજ વધતો નથી, નિંદામણની મથામણ થતી નથી તેમજ ઓછી મહેનતે વધુ ઉત્પાદન મળી રહે છે. વર્મી કમ્પોસ્ટ ખાતર તૈયાર થવાની પ્રક્રિયા વિશે ભાવેશભાઈ મણીલાલ જણાવેછે કે, દાંતીવાડા એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાંથી તેઓએ ઓસ્ટ્રેલિયન તથા ભારતીય જાતના એમ બે પ્રકારના અળસિયા ખરીદીને સૌ પ્રથમ પ્રાયોગિક ધોરણે બે બેડ ઉભા કરીને ખાતર બનાવવાની શરૂઆત કરી હતી. જેમાં સફળતા મળતા હાલે બે યુનિટમાં મોટાપાયે ઉત્પાદન કરાઈ રહ્યું છે. દર માસે ૩૦ ટનનું ઉત્પાદન કરવામાં આવે છે. વર્મી કમ્પોસ્ટ ખાતર બનાવવા માટે જરૂરી તમામ કામગીરીમાં તેમનો પરીવાર તેમની સાથે જ કામ કરતો હોવાથી કામદારોની જરૂરીયાત વર્તાતી નથી. તેઓ જણાવે છે કે, રો-મટીરીયલ્સ છાણ, ખેતીનો વેસ્ટ પાંદડા સહિતની ચીજોમાંથી બેડ બનાવી તેમાં અળસીયા મુકવા પડે છે. જેમાંભેજ જાળવીરાખવા દૈનિક પાણીનો સ્પ્રે કરવો પડે છે. વરસાદ અને તાપથી બચાવ કરવા શેડ બનાવવો જરૂરી છે તેમજ જો વધુ વરસાદ પડે તો ભેજ ન વધી જાય તે માટે બેડ પર કંતાનની બેગ ઢાંકવા સહિતની તકેદારી રાખવી પડતી હોય છે. ૨ માસના અંતે તૈયાર થતા ખાતરની ૨૫ કિગ્રાની બેગ તૈયાર કરવામાં આવે છે જેનું રૂ. ૧૭૫ના ભાવે વેચાણ કરવામાંઆવે છે. હાલ કચ્છમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે રાસાયણિક ખેતી કરતા ખેડૂતો જમીનની સુધારણા માટે મોટા પ્રમાણમાં તેની ખરીદી કરે છે. તેઓ અન્ય કિસાનોને સંબોધીને જણાવ્યું હતું કે, આજે રાસાયણિક ખાતર તથા વિવિધ હાનિકારક દવાના વપરાશના કારણે લોકોમાં વિવિધ રોગો ઘર કરી ગયા છે. ત્યારે કિસાનોએ પ્રાકૃતિક ખેતી તરફ વળવું અનિવાર્ય છે. સરકાર દ્વારા આ માટે વિવિધ તાલીમ આપવામાં આવે છે જેનો લાભ દરેક ખેડૂતોએ લેવો જોઈએ. તેઓ ૧૨ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરે છે જેમાં રાસાયણિક ખાતર કે કોઈપણ પ્રકારના પેસ્ટીસાઈડનો વપરાશ કરતા નથી. ખાતરથી લઈને જીવજંતુના અટકાવ માટે જીવામૃત, નિમાસ્ત્ર, બીજામૃત તથા અન્ય તમામ પ્રકારની ચીજો તેઓ ખુદ જાતે બનાવે છે. આ માટે આત્મા પાસેથી તેઓના પરીવારે તાલીમ પ્રાપ્ત કરી છે.

# અંકલેશ્વર ઑ.એન.જી.સી.બ્રિજના ગરનાળાના માર્ગને શરૂ કરી દેવામાં આવતા વાહન ચાલકોને મોટી રાહત



કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વરમાં ઓ .એન.જી.સી.બ્રિજના ગરનાળાના માર્ગને શુક્રવાર થી શરૂ કરી દેવામાં આવતા વાહન ચાલકોને મોટી રાહત સાંપડી છે.ગરનાળા ના માર્ગ ને ખુલ્લો કરતા અન્ય માર્ગો ઉપર ટ્રાફિક નું ભારણ ઓછું થતા વાહન ચાલકો એ રાહત અનુભવી છે. અંકલેશ્વરના ઓએનજીસી બ્રિજના ગરનાળાને ૨૦મી એપ્રિલથી વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યું હતું. જેના કારણે જુના નેશનલ હાઈવે પરથી પસાર થતાં વાહનો પિરામણ ગામ ના રસ્તે પસાર થઈ રહ્યાં હતા. જેનાથી અંકલેશ્વર શહેરમાં ટ્રાફિક સમસ્યા વિકટ બની હતી. અંકલેશ્વર ઓએનજીસી ફલાયઓવર નીચે મહાવીર ટર્નિંગ પાસે આવેલું ગરનાળુ સાંકડુ પડી રહ્યું હોવાથી તેને પહોળું કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી પૂર્ણ થતા આજે બપોરેના સમયે આ માર્ગ વાહનવ્યવહાર માટે ખુલ્લો કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે હજારો વાહન ચાલકોને રાહત સાંપડી હતી. ભરૂચ અને અંકલેશ્વર વચ્ચેનો રસ્તો આજથી શરૂ થઈ ગયો હતો પરંતુ નેશનલ હાઈવેથી અંકલેશ્વર શહેર તરફ આવતો ONGC બ્રિજ વાળો રસ્તો ૬ મહિના સુધી બંધ રહેશે. ઓએનજીસી બ્રિજના એક તરફના ભાગ પર કામગીરી શરુ કરવામાં આવશે અને બીજી તરફ માર્ગ વ્યવહાર ચાલુ કરવામાં આવશે.

# તાપી જિલ્લામાં જાહેર સુલેહ, શાંતિ અને સલામતિ અંગેનું જાહેરનામું



કમલમ્ ન્યુઝ,સમીર શાહ

આગામી સમયમાં રમઝાનન ઈદનો તહેવાર આવતો હોવાથી તાપી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ, શાંતિ અને સલામતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર. જે.વલવીએ જાહેરનામું બહાર પાડી નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જાહેરનામા અનુસાર કોઇ પણ વ્યક્તિએ શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહિં. કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહિં.

પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો લઈ જવા નહિં કે એકઠા કરવા નહિં તથા તૈયાર કરવા નહિં. ધાર્મિક સ્થળોએ લોકોની લાગણી દુભાય. જાહેરનામા અનુસાર કોઈ પણ વ્યકિતએ શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહિં. કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિં. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો લઈ જવા નહિં કે એકઠા કરવા નહિં તથા તૈયાર કરવા નહિં. ધાર્મિક સ્થળોએ લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહિં. તેમજ પ્લાસ્ટિકની કોથળીઓમાં કોઇ પદાર્થ કે પાણી ભરીને ધાર્મિક સ્થળોએ ફેંકવા નહિં. કોઇ રાહદારી કે અન્ય ધર્મના લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહિં. જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિં, તેવા હાવભાવ, ચેષ્ટા કરવી નહીં કે તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહિં, બતાવવી નહિં અથવા તેનો ફેલાવો કરવો નહિં. જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિં. લોકોને અપમાનિત કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહિં તથા સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય જાહેરસભા અથવા સરઘસનું આયોજન કરવું નહિં. આ હુકમ સરકારી કર્મચારી કે કામ કરતી કોઇ પણ વ્યકતિ કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા, આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય તેવા કિસ્સામાં, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ વડાએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારિરીક અશક્તિને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરિયાત હોય તેવી વ્યક્તિઓને તથા સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને લગતા કાર્યક્રમોને લાગુ પડશે નહિં. આ હુકમ. તા. ૧૭/૦૫/૨૦૨૩ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# તલાટી-કમ મંત્રીની પરીક્ષા માટેરાજ્યના યુવા ઉમેદવારોને અસરકારક પરિવહન સેવાઓ પૂરી પાડ્વા રાજય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

**તા.૬ અને ૭ દરમિયાન ખાસ કિસ્સામાં સ્કૂલ બસોને સ્ટેજ કેરેજ તરીકે ચલાવવા મંજુરી મળશેઃ એસ.ટી નિગમની એક્સપ્રેસ બસનું ભાડું ઉમેદવારો પાસેથી વસુલ કરી બસનું સંચાલન કરી શકાશે**

ગુજરાત રાજ્ય પંચાયત પસંદગી મંડળ દ્વારા રાજ્યભરમાં આગામી તા.૦૭મી મે ૨૦૨૩નાં રોજ તલાટી-કમ મંત્રીની પરીક્ષા યોજનાર છે. જેમાં ૮ લાખ કરતા વધુ ઉમેદવારો પરીક્ષા આપે તેવી શકયતા છે. રાજ્યના યુવા ઉમેદવારોને પરીક્ષા સેન્ટર સુધી અવર જવર દરમિયાન પરિવહન વ્યવસ્થામાં સહેજ પણ મુશ્કેલી ન પડે તે માટે વાહનવ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વાહન વ્યવહાર વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં પરીક્ષા આપનાર ઉમેદવારો માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. પરીક્ષાનાં દિવસોમાં શાળા/કોલેજોમાં વેકેશન હોઈ સ્કુલ બસોનાં સંચાલકો જો તલાટી-કમ મંત્રીના ઉમેદવારોને પરિવહનની સેવા પૂરી પાડવા ઈચ્છતા હોય તો ખાસ કિસ્સામાં તા.૦૬/૦૫/૨૦૨૩ તથા તા.૦૭/૦૫/૨૦૨૩નાં રોજ આવી બસોને સ્ટેજ કેરેજ તરીકે ચલાવવા નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત શાળા/કોલેજની બસોના સંચાલકો તેમજ ખાનગી બસ સંચાલકો એસ.ટી નિગમની એક્સપ્રેસ બસનું ભાડું ઉમેદવારો પાસેથી વસુલ કરી બસનું સંચાલન કરી શકશે. આ ઉપરાંત એસ.ટી નિગમની બસોમાં નિયમિત એકસપ્રેસ મુસાફર ભાડાથી સેવાઓ પૂરી પાડવાનો પણ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાથો સાથ રેલ્વે તંત્રની સાથે સંકલનમાં રહીને એક્સ્ટ્રા ટ્રેનો દોડાવી ઉમેદવારોને સમયસર પરીક્ષાના સ્થળ સુધી પહોંચાડવા આયોજન કરવામાં આવી રહ્યું છે. શાળા/કોલેજની બસો તથા ખાનગી બસ સંચાલકોએ તલાટી-કમ મંત્રીનાં ઉમેદવારોને પરીવહનની સેવાઓ પૂરી પાડવા વાહન વ્યવહાર વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# શ્રીમદ રાજચંદ્ર મિશનના શૈક્ષાણિક સાધનનું રાહત વિતરણ કેન્દ્રોની મીટીંગ ધરમપુર યોજાઈ



કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

આષર્દ્રષ્ટા આત્મજ્ઞાની સદગુરૂશ્રી રાકેશજીના શ્રીમદ રાજચંદ્ર ડિવાઈન પ્રોડક્ટસ એન્ડ સર્વિસીઝ ધરમપુર દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પાંચ લાખ વિધાર્થીઓ- વાલીઓ માટે પચાસ લાખથી વધુની શૈક્ષણિક સાધનનું રાહત દરે વિતરણ તા. ૨૯ મી મે ૨૩ ને સોમવાર થી સ્ટોક હશે તેટલા દિવસસવિરે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી દ.ગુ.આદિવાસી પટી ૧૦૦થી વધુ કેન્દ્રોમાં વિતરણ થશે. વાંસદાના શ્રી મગનભાઈ પટેલના માર્ગ દર્શન હેઠળ વિતરણ કેન્દ્ર - ધરમપુર કપરાડાના ૧૩, વલસાડના ૧૦, નવસારીના ૨, પારડીના ૩, વાપીના ૨ ઉમરગામના ૨, બીલીમોરાના ૪, ચિખલીના ૧૨, વાંસદાના ૧૧, ડાંગના ૨, સહિત ૭૦ થી વધુ કેન્દ્રના સમયદાન આપનાર સેવાવ્રતધારી સંચાલક, કાર્યકરતાની એક મીંટીંગ શ્રીમદ રાજચંદ્ર વિધાપીઠ, કરંજવેરી, ધરમપુર ખાતે આજ રોજ યોજાઈ. જેમાં અત્યાર સુધી ૨ કરોડ ૭૬લાખ નો આગઉથી ઓર્ડર આવી ગયો છે. શ્રી મગનભાઈ પટેલે આવપ્રસંગે તમામ કેન્દનો પરિચય કરવી વિવિધ સંસ્થાની માહિતિ આપી. ધો.૧૦,૧૨ પાસ નપાસ વિધાર્થી ત્રણ માસમાં ટ્રેન કરી નોકરી કરતા કરી દે એવી રાજચંદ્રની સંસ્થાનો પણ પરિચય આપ્યો. સાથે ઉચ્ચ શિક્ષણ કોઈ પણ ક્ષેત્રમાં મદદની જરૂર હોય તો વિના વ્યાજની લોનની પણ વાત કરી. કોઈ શાળા છાત્રાલયને કુલર કે આરઓની જરૂર હોય તો સંજયભાઈ ડોલીયા.(૯૭૨૪૩૫૫૩૫૨) તથા ટયુશન વિના ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ થનાર વિધાર્થી ને વાલી નો ઈન્ટરવ્યું માટે વિશાલ ભાદાણી (૯૪૨૬૮૮૫૩૮૭) સંપર્ક કરવો. તથા પૂ.રંગ અવધૂત અને પૂ.શ્રી મોટાના પુસ્તકો વિના મુલ્યે માટે (૯૪૨૭૧૭૩૩૯૧)નો સંપર્ક કરવો. આ પ્રસંગે ટ્રસ્ટી શ્રી હિરેનભાઈ શાહે આ વર્ષના પ્રોજેકટના પ્રશ્ન તથા અન્ય બાબતે અંગે માર્ગદર્શન કરી આ વિતરણ કાર્યક્રમ ખુલ્લો મુકીયો.

# ગાંધીધામ નગરપાલિકા ના ફાયર વિભાગ ના કર્મચારીઓ નુંસન્માન કરવાનું આયોજન



કમલમ્ ન્યુઝ,જીગર સચ્ચદે

વિશ્વ અગ્નિશામકદળ દિવસ ના ઉપલક્ષ માં કર્તવ્ય ગ્રુપ ગાંધીધામ, ભારત વિકાસ પરિષદ ભારતનગર શાખા તથા મારવાડી યુવા મંચ ગાંધીધામ દ્વાર સંયુકત પણે ગાંધીધામ નગરપાલિકા ના ફાયર વિભાગ ના કર્મચારીઓ નું સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.આ પ્રસંગે કર્તવ્ય ગૃપ ના સંસ્થાપક હંસરાજ ભાઈ કીરી અને ભારત વિકાસ પરિષદ ભારત નગર શાખાના પ્રમુખશ્રી રમેશભાઈ સથવારા દ્વારા ગાંધીધામ નગરપાલિકાના ચીફ ઓફિસર સાહેબ ને પાઘડી પહેરાવી અને અન્ય ફાયર ફાઈટર કર્મચારીઓ ને ચકલી માટે પાણીના કુંડા તથા ચણપાત્ર અર્પણ કરી સન્માન કર્યુ હતુ અને આ કાર્યક્રમમાં તમામ સ્ટાફને મોઢું મીઠું કરાવ્યુ, ફાયર સેફટીના ઈન્ચાર્જ શ્રી હિંમતભાઈ દ્વારા ફાયર સેફટી ના સાધનોની માહિતી આપવામાં આવી આ કાર્યક્રમમાં ભારત નગર શાખાના મયુરભાઈ સાયતા, મહેશદાન ગઢવી, નરેન્દ્રભાઈ થાવાણી, પૂજાબેન ગોસ્વામી અને પ્રીતિબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા કાર્યકમના અંતમાં પ્રમુખશ્રી રમેશભાઈ સથવારા એ પુરા સ્ટાફનો આભાર વ્યકત કર્યો.

# શ્રી રણછોડ્દાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા બાળ મોતિયાનાં ફિ કરવાનું મહા અભિયાન

**શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ,રાજકોટ દ્વારા નાના ભૂલકાઓ—બાળકોના નિઃશૂલ્ક(મફત)બાળ મોતિયાઓનાં ઓપેરશન દ્વારા આખુ ગુજરાત બાળ મોતિયાનાં ફિ કરવાનું તા.૧૧/૦૫/૨૩ થી તા.૩૧/૦૫/૨૩ સુધી મહા અભિયાન**



**આ ઓપરેશન થકી નાના ભૂલકાઓ—બાળકોને ૫૦ થી ૬૦ વર્ષની આંખોની રોશની થકી નવું જીંદગી મળે છે.**

કમલમ્ ન્યુઝ,

શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ,રાજકોટ દ્વારા શ્રી સદ્ગુરુ સદન ટ્રસ્ટ(પ.પૂ. શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ), રાજકોટનાં સ્થાપના દિવસ નિમિતે પ.પૂ. શ્રી સદ્ગુરુદેવ ભગવાનશ્રી રણછોડદાસજીબાપુશ્રીની અસીમ કૃપા તથા પ્રેરણાથી સમગ્ર ગુજરાતમાં બાળકો,નાના ભૂલકાઓ બાળ મોતિયાથી મુકત થાય તથા સમગ્ર ગુજરાત આ બાળ મોતિયાથી સૌથી પહેલા મુકત કરવાનાં આ મહાસંકલ્પ રૂપે સૌપ્રથમવાર બાળ મોતિયા દર્દીઓની સેવાનો નિઃશૂલ્ક(મફત) મહાયજ્ઞનું તા.૧૧/૦૫/૨૩,ગુરૂવાર થી તા.૩૧/૦૫/૨૩,બુધવાર સુધી ભવ્ય આયોજન કરવામાં આવેલ છે, આ બાળ મોતિયા ૧ વર્ષનાં બાળકથી માંડીને ૧૦ વર્ષનાં બાળકમાં ખૂબજ નાની ઉંમરમાં આવી જાઈ છે,જેથી બાળકો દરનું કશું જોઈ શકતા નથી,આ માટે બાળ મોતિયાનું ઓપરેશન કરાવવું ખૂબજ જરૂરી હોય છે,જે માટે શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ,રાજકોટ દ્વારા સગગ્ર ગુજરાત રાજયનાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં કોઈપણ બાળક,નાના ભૂલકાઓ કે જેને બાળ મોતિયો છે,તેવા બાળકો ઓપરેશન વગર ન રહી જાઈ એ માટે ખાસ તા.૧૧/૫/૨૩ થી તા.૩૧/૫/૨૩ સુધી ૨૦ દિવસ સુધી આ મહાઅભિયાનનું નિઃશૂલ્ક(મફત)આયોજન કરવામાં આવેલ છે.

આ આયોજનમાં સર્વ જાહેર જાનતા આ અમૂલ્ય એવા સેવાયજ્ઞમાં જોડાવા અમારી નમ્ર અપીલ છે કે આપની આસપાસ ગામડે,શહેરમાં તથા આજુબાજુ કે ગુજરાતનાં કોઈપણ ખૂણે બાળમોતિયા હોય તો તેમને આ મહાયજ્ઞમાં પહોંચાડી આંગળી ચીંધી ને પૂણ્યનું ભાથુ બાંધી શકાય છે. અને ખાસ બાળકોને ફેંકોમશીનથી ટાંકાવગરના સોફટફોલ્ડેબલ નેત્રમણી સાથે નામાંકિત ડોકટરો દ્વારા નિઃશૂલ્ક (મફત)ઓપરેશન કરવામાં આવશે. તથા દરેક સુવિધાઓ આપવામાં મફત આપવામાં આવશે. તો અમારી સૌને નમ્ર વિનંતી તથા અપીલ છે કે,આ પૂણ્ય કાર્યમાં સર્વ જાહેર જનતા તેમની આસપાસ આવા બાળ મોતિયાઓ શોધી અથવા મોતિયાની બિમારીઓથી પરેશાન હોય તેવા નાના ભૂલકાઓને અહિંયા શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ,રાજકોટ સુધી પહોંચાડીને આ સેવાકાર્યમાં સહભાગી થઈ આંગળી ચિંધવાનું પૂણ્ય મળે છે,આ અભિયાનથી સમગ્ર ગુજરાતમાંથી બાળ મોતિયાને નાબુદ કરીને ભારતમાં સૌપ્રથમ બાળ મોતિયા મુકત ગુજરાત બનાવીને દેશમાં પ્રથમ સ્થાન મેળવવાનો અમારો મહાસંકલ્પ છે. આ બાળ મોતિયા અભિયાનમાં સૌ તંત્રી મહોદયશ્રીને અમારી નમ્ર વિનંતી છે કે, આ સમાચાર આપનાં સુપ્રસિધ્ધ અખબારમાં મોટા હેંડીંગ સાથે શહેરી તથા ગ્રામ્ય આવૃતિઓમાં પ્રસિધ્ધ કરવા નમ્ર વિનંતી,કારણ કે આ સમાચાર ઘેર ઘેર સુધી પહોંચ છે,જેથી ગ્રામ્ય વિસ્તારમાં કોઈપણ નાના ભૂલકાઓ,બાળકોને બાળ મોતિયાઓ હશે તો તેમના વાલીઓ આ ઓપરેશનનો મફત લાભ મેળવી શકશે. આ બાળ મોતિયાની વધારની કોઈપણ જાણકારી માટે અમારા મોબાઈલ નં.૯૫૮૬૩૦૮૧૭૮,૮૪૬૦૯ ૨૮૫૦૮, ઉપર સંપર્ક કરવા નમ્ર વિનંતી. નિમંત્રક આયોજક શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ, મો. ૯૫૮૬૩૦૮૧૭૮, ૮૪૬૦૯ ૨૮૫૦૮

